



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



## હે આત્મપ્રાણ સાહેબજી !

આપ પરબ્રહ્મ તત્ત્વના ધારક છો !
યોગીબાપાની કૃપાથી આપ અમને બ્રહ્મસ્વરૂપ મનાયા
જીવનની હરેક ક્ષણને આપે યોગી અર્થે જીવી બતાવી
પ્રત્યેક કર્મને શ્રીજીને રાજી કરી ભક્તિ રૂપ બનાવ્યું
યોગીબાપાના આદેશને જીવનમાં ચરિતાર્થ કર્યો.
૧૯૬૩-૬૪ના વર્ષમાં યોગીબાપાએ આપને આજ્ઞા કરી
આપણા યુવકો રોજ રાત્રિસભામાં વચ. ગ.પ્ર. ૧૬ વાંચે.
વાંચી ચિંતન કરે, મનન કરે, આત્મસાત્ કરે.
આપે ત્યારે અમને રોજ એ 'વચનામૃત' વંચાવ્યું
તે આત્મસાત્ આપને તો થયું જ હતું...

**'...જે ભગવાનના ભક્તને સત્-અસત્‌નો વિવેક હોય**
**તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે**
**અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને**
**સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ**
**પોતાને ભાસતો હોય તો તેનો ત્યાગ કરી દે**
**અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે...'**
**'અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ**
**અવગુણ ભાસે જ નહિ...'**



શ્રીજીની આ પરાવાણી પ્રમાણે આપનું જીવન હતું
આપે અનુગ્રહ કર્યો... પ્રાર્થના કરી બળ પૂર્યાં
આપના આવા દિવ્ય સ્વરૂપનું દર્શન આપે અમને કરાવ્યું
આપને સંબંધવાળાના કેવળ ગુણ જ દેખાય
સંબંધીમાત્રની સેવા કરી લેવાનો ઉમંગ છલકાય
સંબંધવાળાને આપે માથાના મુગટ માન્યા
કોઈનાય દોષ જોયા વિના સેવા કરી લો ! તે શીખવ્યું
સ્વામી શ્રીજી ને યોગીના ગમતામાં જીવવા બળ પૂર્યાં.
પ્ર. ૧૬ વચનામૃત સભામાં વંચાયું... ત્યારે
સૌ આપના સાથી સેવકો માટે આપે સંકલ્પ કર્યા
સેવાઓ કરાવી, પ્રાર્થના કરી-કરાવી બળ પૂર્યાં.
દયાળુ ! આપની કૃપાથી સૌ સુખિયા છીએ
ગુણાતીત સમાજ માટે આપે આ આદર્શ સ્થાપ્યો
તે કૃપાના યશભાગી અમ સૌ આપને વંદીએ છીએ
આપના પ્રાગટ્યના મંગલ પર્વે પ્રાર્થીએ છીએ...

આપે કરેલ આ અનુગ્રહને સમજીએ
તે અનુસાર પ્રતિપળ જીવતા રહીએ
સર્વના ગુણ જોઈ વંદન કરતા રહીએ
આપ રાજી છો... વિશેષ રાજી કરતા જ રહીએ
તેવા શુભ સંકલ્પ કરી,
આપને કોટિ વંદન ધરીએ છીએ.
યોગીબાપાને સમગ્ર સમર્પણ ધરીએ છીએ ! ◆



૩૧ જાન્યુઆરી, ૨૦૧૮ બ્રહ્મજ્યોતિ